# દિલ્હી પબ્લિક સ્કૂલનો જાજરમાન વાર્ષિકોત્સવ




દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરના ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ દ્વારા 'ધરતી હમ સબ કી', 'લવ કેર એન્ડ ફ્રેન્ડશીપ, 'મીલ કે ચલો' અને 'સર્વધર્મ સમભાવ' જેવા વિવિધ વિષયો પર સુંદર કાર્યક્રમ રજૂ થયો હતો. આ પ્રસંગની શોભા વધારવા માટે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટા પટેલ ખાસ પધાર્યાં હતાં. તેમણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં સહિયારા પ્રયાસથી આયોજીત વાર્ષિકોત્સવને વધાવી લીધો હતો. આચાર્ય અતનુ રથ અને ડાયરેક્ટર રાની ચૌધરીને વિશેષ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતુ કે શાળા દ્વારા કરાતો બાળકોના સર્વાંગીણ વિકાસ અને મૂલ્યપરક શિક્ષણનાં ઘડતર માટેનો આ પ્રયાસ પ્રશંસનીય છે. આ જ પ્રસંગના અન્ય આયામોમાં કામધેનુ યુનિવર્સિટીના ઉપ કુલપતિ કેલાવાલા, ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીના ડાયરેક્ટર ડો. મંજુનાથ ઘાટે, ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ રીસર્ચના એકેડેમિક્સ વિભાગના ડીન ડો.ગુરુદત્ત ગૌર, રીસર્ચ અને ઈનોવેશનાં ડીન ડો. રીના અગ્રવાલ રાજપૂત જેવા અતિથિઓ પણ પધાર્યા હતાં અને વાર્ષિકોત્સવને વધુ શોભાયમાન બનાવ્યો હતો.

ડાયરેક્ટ ❤ સે

બહારથી જે દેખાય
તે ફક્ત ઝલક હોય છે
અંદરથી દરેક વ્યક્તિ
અલગ હોય છે

## જન્મદિને વધામણી



**અમીતા ચિરાગ ગોહેલ**
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક





મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ઉપક્રમે ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ સેમિનાર યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં આચાર્ય રાજી ડેનિસે સ્વાગત પ્રવચન કર્યું હતું અને કાર્યક્રમની ભૂમિકા આપી હતી. ત્યારબાદ કલોલ રેડ ક્રોસના દિલીપ દવેએ વિષય અન્વયે વક્તવ્ય આપ્યું હતું.

# માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ક્રિસમસ ઉજવણી




સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલમાં આજરોજ પ્રભુ ઈસુનાં જન્મની વધામણી નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ઈસુનાં જન્મને દર્શાવતું નાટક પ્રસ્તુત કરવામાં આવ્યું સાથે સાથે કેરલ તથા ખુશી વ્યક્ત કરતા ડાન્સ રજૂ કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યના માર્ગદર્શન હેઠળ શિક્ષકો અને વિદ્યાર્થીઓની અથાગ મહેનતથી સફળતા પૂર્વક સંપન્ન થયો હતો.

# ઓમકાર સ્કૂલમાં દાદા-દાદી માટે કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૩

આજના સમયમાં શિક્ષણની સાથે સાથે મૂલ્યનિષ્ઠ શિક્ષણ પણ એટલું જ અગત્યનું છે અને આપણા પરિવારમાં મૂલ્યશિક્ષણના ખજાનારૂપ મુખ્ય સ્રોત છે દાદા-દાદી. તેમનાં થકી બાળકને અનૌપચારિક રીતે જ જાતક કથાઓ, ધાર્મિક વૃત્તિ, આચાર-વિચારમાં સાત્વિકતા જેવા વિશે, ગુણો બાળકને સતત મળતા હોય છે. આજના શિક્ષણમાં શિક્ષણની સાથે સાથે મૂલ્યશિક્ષણની પણ તાતી જરૂરિયાત છે. ત્યારે દાદા-દાદી પણ પોતાની મૂડીનું વ્યાજ જે શાળામાં ભણે છે તે શાળા પરિસરથી વાકેફ થાય અને શિક્ષકો સાથે તેઓ વિશેષ સંબંધ કેળવે તે શુભ આશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તેમના માટે વિશેષ ગેમ્સ અને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિવારનાં ૮૦ જેટલાં દાદા-દાદીએ ઉત્સાહપૂર્વક આ ઉપક્રમમાં ભાગ લીધો હતો.



શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે 'વાલી ચિંતન શિબિરનું' આયોજન કરવામાં આવ્યું હતું માધ્યમિક વિભાગ અને ઉચ્ચતર મધ્યમિક વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓની બૉર્ડ પરીક્ષાને ધ્યાનમાં લઈ સમગ્ર ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય ભાવનાબા વાઘેલાએ સહુ વાલીઓને આવકાર આપી શાળાનો 'ઍક્શન પ્લાન' રજૂ કર્યો હતો. એન. બી. પટેલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. વિદ્યાર્થીઓ અને વાલી સાથે વર્ગ શિક્ષકોના મેળાવડા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## ફેડરેશન ઓફ એકેડેમી એસો. ગુજરાતના પ્રમુખપદે વિજય મારૂની વરણી

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ એજ્યુકેશન ગ્રુપના ચેરમેન અને મારીયા ઈન્સ્ટીટ્યુટના સંચાલક વિજયભાઈ મારૂની ફેડરેશન ઓફ એકેડેમી એસોસીએશન ગુજરાતના પ્રમુખપદે તેમજ સમીરભાઈ દવે (વડોદરા), પ્રકાશભાઈ કરમચંદાની (રાજકોટ)ની માનદમંત્રી પદે ૨૦૨૦થી ૨૧ બે વર્ષ માટે વરણી કરવામાં આવેલ છે.

# શ્રી પી કે ચૌધરી કૉલેજ ખાતે રોજગાર વિષયક નામ નોંધણી કૅમ્પ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઉદ્દિશા અને પ્લેસમેન્ટ કમિટી તથા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા બે દિવસીય નામ નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. એમ એમ ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

રોજગાર કચેરીના કાઉન્સિલર નિર્મલભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થિનીઓને વિવિધ ક્ષેત્રના રોજગાર અને તાલીમ અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. અનિતાબેન ગોહિલ દ્વારા વિદ્યાર્થિનીઓને નામ નોંધણી અંગેની માહિતી આપી હતી. આ કેમ્પમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ નામની નોંધણી કરાવવામાં આવી હતી. આ કૅમ્પમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજના ઉદ્દિશા પ્લેસમેન્ટ કમિટીના સંયોજક પ્રતિમા એમ છનિયારા દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ. રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## શુક્રવારે અમદાવાદમાં યોજાશે 'ગાલિબનામા' સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૩

૨૭મી ડિસેમ્બર ને શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે, રા.વિ.પાઠક સભાગૃહ,ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ઉર્દૂ કવિ ગાલિબની ૨૨૨-મી જન્મજયંતિ નિમિત્તે 'ગાલિબનામા' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગુજરાતી-ઉર્દૂ કવિ હર્ષ બ્રહ્મભટ્ટના વરદ્ હસ્તે કવિ રઈશ મનીઆર લિખિત પુસ્તક 'ગાલિબનામા'નું વિમોચન પણ કરવામાં આવશે. ગાલિબના જીવન-કવન વિશે રઈશ મનીઆર વકતવ્ય આપશે તથા ગાયક કલાકાર નમ્રતા શોધન, ડૉ. ફાલ્ગુની શશાંક, શ્રી રિદ્ધિ આચાર્ય અને વિપુલ આચાર્ય ગાલિબની ગઝલોની સંગીતમય પ્રસ્તુતિ કરશે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' કરશે. આ પ્રસંગે ગઝલના ચાહકો અને ભાવકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

# એએપીસીસી દ્વારા વાચન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા 'બા-બાપુ : ૧૫૦મી જન્મજયંતિ' વિષયે વાચન શિબિરનું આયોજન બ્રહ્માણી કૃપા હૉલ ખાતે ત્રણ દિવસ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સાથે વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી, જેમાં ભગિની સંસ્થાઓના ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને પણ જોડાયા હતા.

એક રસિક સ્પર્ધા હતી પોસ્ટ કાર્ડ લેખન સ્પર્ધા. 'બાપુ, તમે દેશને આઝાદી અપાવીને ખુશ છો ?' વિષયે વિદ્યાર્થીઓએ બાપુને પત્ર લખ્યો હતો. મોનિકા પટેલ અને આરતીબા જાડેજા વિજેતા બન્યા હતા. વિદ્યાર્થીઓએ દાંડી કુટિરની મુલાકાત પણ લીધી હતી. ગાંધી જીવન વિષયે વક્તૃત્વ સ્પર્ધા શાળા અને કૉલેજ કક્ષાએ યોજવામાં આવી હતી. સ્કૂલ વિભાગમાં શસેઠ સી એમ હાઈસ્કૂલના ખંત પટેલ અને ઍમ બી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રધાની સાગર વિજેતા બન્યા હતા. કૉલેજ વિભાગમાં અનુરાધા યાદવ અને હર્ષ ભણાડીયા વિજેતા બન્યા હતા.

ડૉ. નિમિષાબેન શુક્લ દ્વારા 'ગાંધીજી અને આજના યુવાનો માટે કેટલા પ્રસ્તુત ?' વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

ડંકેશ ઓઝા દ્વારા વિદ્યાર્થીઓને ગાંધીજીના પર્યાવરણ વિષય વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. કૉલેજના ૬ અધ્યાપકો દ્વારા ૧૧ વ્રતો વિષે વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ ગાંધી વિષયે લખાયેલાં વિભિન્ન પુસ્તકોનું વાચન કરીને તેમની સમીક્ષા લખવામાં આવી હતી. પુસ્તક સમીક્ષામાં રીયા પટેલ અને શ્રદ્ધા પટેલ વિજેતા બન્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રદ્ધા વૈદ્ય અને પ્રૉ. નયના રંગવાલા દ્વારા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારનાં ગોઢ, રૂદ્રેશ્વર અને ભેટાલી ચાર રસ્તા પાસે ૯ ગામોનાં કુલ ૧૩૨ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા અને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. બપોર પછી ત્રેપન છાપરા, ખુમાપુર, રૂદરડી, ભેટાલી આશ્રમ શાળા અને છાત્રેશ્વરી શાળાના ૨૬૩ વિદ્યાર્થીઓને જૅકેટ અને સ્વેટરની ભેટ ધરવામાં આવી હતી. આ સાથે જ બાળકોને હાસ્યની ભેટ પણ ધરવામાં આવી હતી. સમગ્ર દિવસ ચાલેલા આ સેવાકાર્યમાં જીઈબીના નિવૃત્ત મુખ્ય ઈજનેર ડી એમ શુક્લ, સમિતિના યોગેશભાઈ, ભીમજીભાઈ અને મિલિન્દભાઈ જોડાયા હતા.